If you require a translation please contact:

Se avete bisogno di una traduzione si prega contattare:

Si usted requiere una traducción de esta información por favor contacte a:

اگر آپ کو اس کے ترجمے کی ضرورت درپیش ہو تو آپ ہم سے رجوع فرمائیں۔

আপনার যদি এই পত্রের অনুবাদের দরকার হয়,
তাহলে দয়া করে যোগাযোগ করুন ঃ

**Patient Advice and Liaison Service (PALS)**
**01932 723553**

| | |
|---|---|
| Author: | Dr Block |
| Department: | Pain Management |
| Version: 1 | Published: 14/01/09 |


**Ashford Hospital** London Road, Ashford, Middlesex, TW15 3AA
Telephone **01784 884488** Facsimile **01784 884017**
**St. Peter's Hospital** Guildford Road, Chertsey, Surrey, KT16 0PZ
Telephone **01932 872000** Facsimile **01932 874757**
**Website: www.ashfordstpeters.nhs.uk**


**Ashford and St. Peter's Hospitals NHS**
**NHS Trust**

# રેડિયો ફ્રીક્વન્સી લેઝનિંગ ફેસેટ જોઇન્ટ્સ – ડ્રાફ્ટ

Radio Frequency Lesioning Treatment (Gujarati)

# PATIENT INFORMATION

# દર્દી માટે માહિતી

## ફેસેટ જોઇન્ટ્સ શું છે?

સ્પાઇન (કરોડ-સ્તંભ), જેમાં હાડકાંઓ એક ઉપર એક ગોઠવાઇને એક સ્તભં બનાવે છે. પીઠમાં હાડકાંઓ સાંધા (જોઇન્ટ)થી જોડાયેલાં છે જે હાડકાંની બન્ને બાજુએ હોય છે. સાંધા વડે હાડકાંને ભેગા રાખવામાં આવે છે અને કરોડ (સ્પાઇન)ને સ્થિર રાખે છે, પણ તેમજ વાળવા દેવું જરૂરી છે, જેમ કે નમવું અને ખેંચીને લંબાવવું.

સાંધાઓ ઘસાવાથી કે તેમાં ભંગાણ પડવાથી, તનાવથી અથવા લાગી જવાથી તેમાં દુ:ખાવો ચાલુ થઇ શકે છે જો કે કારણ હંમેશાં સ્પષ્ટ નથી. દુ:ખાવો સાંધાની આસપાસ અને આજુબાજુની જગ્યામાં જણાય છે. દાખલા તરીકે, પીઠનાં નીચલાં ભાગના સાંધામાં દુ:ખાવો શરૂ થાય તો ઘણીવાર નિતંબમાં અને ઘુંટણથી ઉપરના ભાગ (સાથળ)માં દુખાવો જણાય છે.

જ્યારે સાંધામાં સોજો આવે કે અડવાથી દુ:ખે ત્યારે બાજુનાં સ્નાયુયો તેઓનું રક્ષણ કરવા માટે ખેંચાઈને તંગ થાય છે અને ઘણીવાર આમ જો થોડા વખત સુધી ચાલુ રહે તો આ પણ બહુજ દુ:ખાવ આપે છે.

## રેડિયો ફ્રીક્વન્સી લેઝનિંગ શું છે?

આ એક પ્રકારનો ઈલાજ કે ઉપચાર (ટ્રિટમેન્ટ) છે અને તેનો ધ્યય છે ફેસેટ જોઇન્ટ/સાંધામાં જતી નર્વ (તંત્રિકા)ને શોધી અને તેને નાશ કે ખતમ કર્યાં વિના હલાવવી. આમ કરવાથી સાંધામાં થતો દુ:ખાવો અને અસરને દૂર કરશે અને સાંધાવે ગતિમાન કે કાર્યરત કરવામાં અને પહેલાની સ્થિતિમાં લાવવા સહેલું કરશે અને ચાલુ દુ:ખાવામાં રાહત આપશે.

## રેડિયો ફ્રીક્વન્સી લેઝનિંગ કેવી રીતે કામ કરે છે?

સાંધામાં સોઈ દાખલ કરવામાં આવે; પછી સોઇની સાથે અંદર પ્રોબ (દાકતરની તપાસવાની સળી) દાખલ કરવામાં આવે. જ્યારે પ્રોબમાં, રેડિયો ફ્રીકવન્સી કરન્ટ (વિધુતપ્રસરણ) પાસ કરવામાં આવે ત્યારે થોડીક ગરમી પેદા કરે જેનાથી નર્વ (તત્રિકા)માં કાપો થાય. આ કાપો રૂઝવાઇ જશે કારણ કે નર્વની બહારનું પડ કપાયું નથી.

## આ ઈલાજ (ટ્રિટમેન્ટ)નો હેતુ શું છે?

આ ઈલાજનો હેતુ, સાંધામાં થતો દુ:ખાવાને ઓછો કરવો. આમ થવાથી, એક બીજા ઉપર રહેતાં સ્નાયુયોમાં, આપોઆપ થતો સંકોચન (સ્પાઝમ) ઓછો કરવામાં મદદ કરે અને અક્કડ થયેલાં સ્નાયુયો ઢીલાં થાય અને ચાલવાનું સુધારવામાં મદદ કરે.

## આ ઈલાજ કેવી રીતે અમલ કરવામાં આવે છે?

જો તમારા પીઠનો નીચલાં ભાગની સારવાર થતી હોય તો તમે ઊંધા સૂઈ જાઓ, અથવા તમારી ગરદન/ડોકની સારવાર થતી હોય તો તમે એક પડખે અથવા ચત્તા સૂઇ જવો. એ જગ્યામાં રોગનો ચેપ ન લાગે એ માટે એન્ટિસેપટિક પ્રવાહીથી ધોવામાં આવશે. હાડકાં અને સાંધા જોવા માટે એક્સરેનો ઉપયોગ કરવામાં આવશે જેથી દાકતરને ચોક્કસ સાંધા પર સોઇ નાખવાની ખબર પડે. ચામડીને બહેરું કરવા માટે તેના પર લોકલ એનેસ્થૈટિક (બેહોશ કરનારી દવા) દાખલ કરવામાં આવશે અને ત્યારપછી સાંધા (ફેસેટ જોઇન્ટ) પર સોઇ અંદર દાખલ કરવામાં આવશે.

એકસરેમાં નર્વ (તંત્રિકા) જોવામાં આવશે નહિ, એથી દાકતર પછી એ તપાસ કરશે કે પ્રોબ (તપાસવાની સળી), નર્વની નજદીકમાં છે કે નહિ જેથી એની અનુરૂપ અસર કરી શકે. આ તપાસ આ રીતે કરી શકાય - પ્રોબ દ્વારા વિજળીનું થોડું કરન્ટ પાસ કરવામાં આવે જેનાથી જે જગ્યામાં સારવાર થવાની હોય ત્યાં ગુંજરવ કે હૂંફાળુ લાગે કે અસર થતી હોય એવું લાગે. જો તમને હાથમાં અથવા પગમાં સંવેદના કે દર્દની લાગણી જેવું થતું હોય તો તમારે દાકતરને જણાવવું.

પ્રોબ દ્વારા ઉત્તેજના આપવાની સમયમર્યાદામાં પછી ફેરફાર કરવાથી સ્નાયુમાં હલનચલન પેદા કરી શકે. તમને કદાચ સ્નાયુમાં ખેંચાણ કે તણાતું હોય એવું લાગે, જો આમ થાય તો મહેરબાની કરી દાકતરને જણાવું. જો ઈલાજ કરવામાં આવતી જગ્યામાં તમને ખેંચાણ કે તણાતું હોય તો એ સારું પણ જો હાથમાં કે પગમાં જણાતું હોય તો તેનો મતલબ છે કે પ્રોબ (તપાસવાની સળી)ને બીજી બહેતર જગ્યામાં ખસેડવું જરૂરી છે.

## આ પ્રક્રિયાને કેટલો સમય લાગશે?

આ પ્રક્રિયામાં નર્વને શોધવામાં અને ઇલાજ કરવામાં એક કલાક જેટલો સમય લાગશે. જો તમને આ વધુ લાંબો સમય લાગે તો તમારે દાકતરને જણાવું, જે પછી કોઇપણ સમયે બંધ કરી શકે અને જો વધુ સારવારની જરૂરત પડે તમને બીજા કોઇ દિવસે આવવા માટે ગોઠવણ કરી શકે

## આ ઈલાજમાં સંભવિત ફાયદો શું છે?

દુ:ખાવો ઓછો થાય અને સ્નાયુ ઓછા અક્કડ રહે છે. આથી કસરત કરવામાં અને પૂર્વ સ્થિતિમાં લાવવામાં સુધારો થઈ શકે છે.

## આ ઈલાજમાં સંભવિત ખતરો શું છે?

ઈલાજ થયાં પછી તુરત તમને હાથમાં અથવા પગમાં ટૂંક સમય માટે ખાલી ચડવી કે શક્તિવિહોણાં થઈ જઇ શકે પણ આ અસર થોડા જ સમય પૂરતી રહે છે.

સામાન્યપણે, ઈલાજ કર્યાં પછી થોડાં દિવસ સુધી તમને દુ:ખાવો થશે અને સોજો રહેશે. આ સમય દરમિયાન તમે નિયમિતરૂપે સામાન્ય પેન કિલરની દવા લેતાં રહેવી તેમજ ઈલાજ થયાંની પહેલી રાત્રે ખેંચતાણ અને હલનચલન ચાલુ રાખવું. જવલ્લે જ ચેપ થઇ શકે, નર્વને ઇજા થાય અથવા નર્વની આસપાસની લાઇનિંગમાં પંક્ચર થઈ શકે છે. ઈલાજની પ્રક્રિયા દરમિયાન શક્ય છે કે તમે બેહોશ થઇ શકો, પણ દરેક સમયે તમારી દેખરેખ રાખવામાં આવશે અને જો તમને સારુ ન લાગે તો તરત તમારો ઇલાજ કરવામાં આવશે.

## પછી શું થશે?

સામાન્ય રીતે, ઈલાજ સારી રીતે કાબૂમાં છે અને ડે સર્જરી વોર્ડમાં તમારું ટૂંક સમયનું નિરીક્ષણ કર્યાં પછી ઘરે જવાની છૂટ આપશે. તમને ઘરે લઈ જવા માટે તમારી સાથે કોઇ જવાબદાર પુખ્ત વ્યક્તિ હોવી જોઇએ અને ઘરે પણ તે રાતના તમારી સાથે તેને રહેવું જોઇએ. તમારું ઈલાજ થયા બાદ તમારે પાછું ચેક કરાવવા માટે આઉટપેશન્ટમાં આવવું પડશે. બીજા દિવસ સુધી તમારે આરામ કરવો જરૂરી છે અને પછી હલકી ખેંચતાણવાળી કસરતો ઘરમાં શરૂ કરવી.

## જો મારે વધુ સવાલો કરવા હોય તો?

**ઈલાજ પહેલાં** - મંજૂરી આપતું કન્સેન્ટ ફોર્મમાં તમે સહી કરો તે પહેલાં તમારા દાકતરને તમે પૂછો.

**ઈલાજ પછી (ડે વોર્ડમાં)** – સ્ટાફના કોઇ સભ્યને પૂછો, તે તમારા સવાલોના જવાબ આપી શકશે અથવા તમારા દાકતરને સંપર્ક કરશે.

**ઈલાજ પછી (ઘરમાં)** – પેઇન ક્લિનિક એક હેલ્પલાઇન આન્સાફોન સર્વિસ ચલાવે છે જેમાં એમરજન્સી ન હોય એવી પૂછપરછો કરી શકાય છે. મહેરબાની કરી આ નંબર પર ફોન કરો: 01932 723998 - ફોનનો જવાબ 24-48 કલાકમાં આપવામાં આવશે.

**અર્જન્ટ કે જરૂરી ટેલિફોન** - ડે સર્જરીમાં રહ્યાં બાદ, પછી ટેલિફોન એક્સિડન્ટ એન્ડ એમરજન્સીમાં કરવા અથવા તો તમારા પોતાના દાકતરને કરવો.

## વધુ માહિતી મેળવવી હોય

'ધ પેઇન સોસાઇટી' એક વિસ્તૃત વેબ સાઇટ પ્રબંધ કરે છે જે તમને કદાચ ઉપયોગી થશે.
**www.britishpainsociety.org**

Patient Advice and Liaison Service (PALs): 01932 723553

Ashford Hospital, London Road, Ashford, Middlesex W15 3AA
Tel: 01784 884488 Fax: 01784 884017

St Peter's Hospital, Guildford Road, Chertsey, Surrey KT16 0PZ
Tel: 01932 872000 Fax:01932 874757